

(તસવીર : સતીષ જાદવ)

# પાંડેસરાની ડાઈંગમિલમાં શોર્ટસર્કિટથી ભીષણ આગ

**પ્રિયાંશી** ડાઈંગ મિલમાં 3 સ્ટેન્ટર મશીન અને ગ્રે કાપડનો મોટો જથ્થો બળીને ખાખ

7 ફાયર સ્ટેશનની 10 ગાડીઓએ ત્રણ કલાકે આગ કાબૂમાં લીધી

સુરતઃ પાંડેસરા જીઆઈડીસીમાં આવેલી પ્રિયાંશી ડાઈંગ મિલમાં આજે વહેલી સવારે સ્ટેન્ટર મશીનમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગ લાગ્યા સમયે મિલમાં ફરજ પર કર્મચારીઓ હાજર હતા. આગની જાણ થતાં જ તમામ કામદારો સમયસર સલામત રીતે મિલની બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી. જોકે, આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં મિલમાં રહેલા મશીનો અને કાપડના જથ્થાને મોટું નુકસાન થયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ પાંડેસરા જીઆઈડીસીના પ્લોટ નં. 93 ખાતે સત્યનારાયણ સોમાણીની માલિકીની પ્રિયાંશી ડાઈંગ મિલ આવેલી છે. આજે વહેલી સવારે આશરે 6:23 કલાકે મિલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા સ્ટેન્ટર મશીનમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. શરૂઆતમાં મશીનમાંથી ભડકેલી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની જ્વાળાઓ મિલના પહેલા માળ સુધી પહોંચી જતાં મિલમાં કામ કરતા કર્મચારીઓમાં ગભરાટ ફેલાયો હતો.આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતાં તાત્કાલિક વિવિધ ફાયર સ્ટેશનોનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાંડેસરા સહિત કુલ સાત ફાયર સ્ટેશનોની દસ જેટલી ફાયર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચાડવામાં આવી હતી. ફાયર જવાનો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આગ મિલના પહેલા માળ સુધી ફેલાઈ હોવાથી ફાયર જવાનોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.સબ ફાયર ઓફિસર દિનેશ પટેલે જણાવ્યું હતું કે, સવારે 6:23 કલાકે પ્રિયાંશી ડાઈંગ મિલમાં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. સ્ટેન્ટર મશીનમાં શોર્ટ સર્કિટ થતાં આગ ભડકી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.

### પાલનપુર પાટિયા પાસે ચીકીની ફેક્ટરીમાં આગ



સુરત : પાલનપુર પાટિયા સ્થિત ઝઘડિયા ચોકડી પાસે રવિવારે સવારે આશરે 5:55 કલાકે શેડમાં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. આગનું કારણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું હતું. આગ પતરાના મોટા શેડમાં ફેલાતાં અંદર રાખવામાં આવેલી સામગ્રી ઝપેટમાં આવી હતી. દરમિયાન શેડમાં રાખવામાં આવેલા ગેસના સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. ગેસ સિલિન્ડર ફાટતા આગની જ્વાળાઓ વધુ વિકરાળ બની હતી અને શેડમાં ભારે ધુમાડો ફેલાયો હતો. આગની જાણ થતાં મોરા ભાગળ અને પાલનપુર ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાનો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આગ દરમિયાન શેડમાં રાખવામાં આવેલા ફાયર એક્સ્ટિંગ્વિશરમાં પણ બ્લાસ્ટ થયો હોવાનું જાણવા મળ્યું હતું.

# ખાડીપૂરમાં નુકસાનના વળતર માટે 9 હજાર અરજીઓ મળી

**સહાય** માટે મનપાએ કલેક્ટર પાસે અંદાજે રૂ.8 કરોડની સહાય માંગણી કરી

સુરત : જુલાઈ મહિનામાં સુરત શહેર અને જિલ્લામાં પડેલા અતિભારે વરસાદ તથા ખાડીપૂરની સ્થિતિને કારણે વેપારીઓ અને વિવિધ વાણિજ્યિક સંસ્થાઓને મોટું આર્થિક નુકસાન થયું હતું. અસરગ્રસ્ત વેપારીઓને રાહત મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા નુકસાનીના વળતર માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. પાલિકાના પોર્ટલ પર અત્યાર સુધીમાં 9 હજારથી વધુ વેપારીઓએ સહાય માટે અરજી કરી છે.

અરજીઓમાં વેપારીઓ પાસેથી નુકસાનની વિગતો ઉપરાંત સ્થળના ફોટોગ્રાફ્સ અને વીડિયો પણ મંગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ પાલિકાના આકારણી વિભાગે ઝોનવાઈઝ ટીમો બનાવી સ્થળ પર જઈને નુકસાનીની ચકાસણી શરૂ કરી હતી. અત્યાર સુધીમાં 9 હજારથી વધુ અરજીઓ પૈકી 8 હજારથી વધુ વેપારી સંસ્થાઓ અને ધંધાકીય સ્થળોનો સ્થળ પર જઈને સરવે પૂર્ણ કરવામાં આવ્યો છે.પાલિકાના પ્રાથમિક સર્વેમાં વેપારીઓને અંદાજે રૂ.8 કરોડની સહાય ચૂકવવા પાત્ર હોવાનું સામે આવ્યું છે.

આથી પાલિકા દ્વારા અસરગ્રસ્ત વેપારીઓને સહાય ચૂકવવા માટે જિલ્લા કલેક્ટર સમક્ષ રૂ.8 કરોડની સહાયની માંગણી કરવામાં આવી છે. કલેક્ટર કચેરીની મંજૂરી મળ્યા બાદ પાત્ર લાભાર્થીઓને સહાયની રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.આ સહાયથી વરસાદ અને ખાડીપૂરના કારણે માલસામાન, દુકાનના સાધનો તથા ધંધાકીય વ્યવસ્થામાં નુકસાન ભોગવનારા વેપારીઓને આર્થિક રાહત મળવાની આશા છે.

# માલિક પ્રસંગમાં જતાં વેસુમાં નોકર ૩.૨૫ લાખના દાગીના ચોરી ગયો

**સંબંધી** સાથે કોન્ફોરન્સમાં વાત કરી ત્યારે દાગીના પરત આપવાનું કહી ફોન બંધ કરી દીધો



### આ દાગીનાની ચોરી કરી ગયો

| ચોરાયેલી વસ્તુ | કિંમત |
|---|---|
| સોનાની ૪ બંગડી | ૨ લાખ |
| રૂબી ડાયમંડની બુટ્ટી ૧૦,૦૦૦ | |
| સોનાની ચેઇન | ૩૫,૦૦૦ |
| બે પેન્ડલ ૩૦,૦૦૦ | |
| બ્રેસલેટ ૫૦,૦૦૦ | |
| રોકડા ૨૦,૦૦૦ | |

સુરતઃ વેસુમાં ઘરઘાટી તરીકે કામ કરતા નોકરે જ તિજોરીમાંથી રૂ. ૩.૨૫ લાખની કિંમતના સોનાના ઘરેણાં અને રૂ. ૨૦,૦૦૦ રોકડા મળી કુલ રૂ. ૩.૪૫ લાખની મત્તાની ચોરી કરતાં મામલો વેસુ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

તેમને ત્યાં છેલ્લા ત્રણ મહિનાથી રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના અમલવા ગામનો વતની શંકર હીરાજી મીણા માસિક રૂ. ૧૫,૦૦૦ ના પગારથી ૨૪ કલાક ઘરઘાટી તરીકે કામ કરતો હતો.ગત તા. ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ ધ્રુવીતભાઈ અને તેમના માતા બરોડા ખાતે સગા-સંબંધીના પ્રસંગમાં ગયા હતા, જ્યારે તેમના પત્ની અને પુત્ર પિયર ગયા હતા. તે સમયે ઘરે નોકર શંકર મીણા એકલો જ હાજર હતો. રાત્રે પરિવારજનો ઘરે પરત ફર્યા ત્યારે દરવાજો ખુલ્લો હતો અને નોકર ગાયબ હતો. બીજા દિવસે સવારે ધ્રુવીતભાઈના માતાએ પ્રસંગમાં જવા માટે કબાટની અલ્મારી ખોલી ચેક કરતા અંદર મુકેલા સોનાના ઘરેણાં અને રોકડા રૂપિયા ગાયબ જણાયા હતા. સીસીટીવી કેમેરા ચકાસતા શંકર સાંજના સમયે સોસાયટી બહાર જતો નજરે પડ્યો હતો. સંબંધી મારફતે કોન્ફરન્સ કોલ પર વાત કરતા શંકરે ચોરી કરી હોવાની કબૂલાત કરી બીજા દિવસે દાગીના પરત આપવાની ખાતરી આપી હતી, પરંતુ બાદમાં ફોન બંધ કરી નાસી છૂટ્યો હતો.

# ડુમસ બીચ પર સ્વચ્છતા અભિયાનમાં દારૂની ખાલી બોટલો મળી

**સેવા** દળે સફાઇમાં ખાલી બોટલ મળતા દારૂબંધી પર પ્રશ્નો ઉઠાવ્યા



સુરત : સુરત શહેર કોંગ્રેસ સેવાદળ દ્વારા પર્યાવરણની જાળવણી તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી રવિવારે પ્રખ્યાત ડુમસ બીચ ખાતે વિશેષ સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. અભિયાનમાં કોંગ્રેસ સેવાદળના સ્વયંસેવકો સાથે કોંગ્રેસના અગ્રણી નેતાઓ અને કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજરી આપી શ્રમદાન કર્યું હતું.

સ્વચ્છતા અભિયાન દરમિયાન સેવાદળના કાર્યકરોએ ડુમસ બીચ પરથી પ્લાસ્ટિક સહિતનો વિવિધ પ્રકારનો કચરો એકત્રિત કર્યો હતો. દરમિયાન બીચ પરથી મોટી માત્રામાં દારૂની ખાલી બોટલો પણ મળી આવતા આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. કોંગ્રેસ દ્વારા આ મામલે ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના અમલીકરણ સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. સેવાદળના મુખ્ય સંગઠક સંતોષ પાટીલે જણાવ્યું હતું કે, ડુમસ બીચ સુરતનું મહત્વનું પ્રવાસન સ્થળ છે અને તેને સ્વચ્છ તથા સુરક્ષિત રાખવાની જવાબદારી સૌની છે. સેવાદળના કાર્યકરોએ બીચ પરથી પ્લાસ્ટિક, કચરો તેમજ દારૂની ખાલી બોટલો એકત્રિત કરી યોગ્ય નિકાલ માટે મોકલી આપી હતી. આ દરમિયાન કોંગ્રેસ પ્રમુખ વિપુલભાઈ ઉધનાવાલાએ તંત્ર સમક્ષ માંગ કરી હતી કે શહેરના પ્રખ્યાત પ્રવાસન સ્થળો પર દારૂનું સેવન કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. તેમણે ડુમસ બીચ પર સતત સ્વચ્છતા જળવાઈ રહે તેમજ મુલાકાતીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવા પણ તંત્રને અપીલ કરી હતી.

# અલથાણમાં દુકાનમાં ચોરી કરનાર 'હરણ ગેંગ'ના બે ઝડપાયા

**ગેંગના દરેક સભ્ય ગળા** પર હરણનું ટેટુ ધરાવતા હોવાથી આ નામ પડ્યું

સુરત : ક્રાઈમ બ્રાંચની એન્ટી એક્સ્ટોર્શન સ્કોડની ટીમે અલથાણ વિસ્તારમાં આવેલી પસ્તીની દુકાનનું શટર તોડી રોકડ રકમની ચોરી કરનાર શાતિર 'હરણ ગેંગ'ના બે આરોપીઓને ચોરીની મોટરસાયકલ અને રૂપિયા ૧.૨૦ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા છે. ગળા પર હરણના મોઢાનું ટેટુ ધરાવતી આ ગેંગ સાંજના સમયે રેકી કરી વહેલી સવારે શટર ઊંચકી ચોરી આચરતી હતી. ક્રાઈમ બ્રાંચની આ કાર્યવાહીથી અલથાણ અને નવસારી ટાઉન પોલીસ મથકના બે વણશોધાયેલા ગુનાઓનો પર્દાફાશ થયો છે.

પોલીસ કમિશનર અને અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ)ની સૂચનાથી મિલકતસંબંધી ગુનાઓ ઉકેલવા પેટ્રોલિંગમાં નીકળેલી ક્રાઈમ બ્રાંચની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે બોટનિકલ ગાર્ડન પાસેથી કાળા કલરની સ્પ્લેન્ડર મોટરસાયકલ (GJ-21-BG-1777) પર જઈ રહેલા બે શખ્સોને અટકાવી પૂછપરછ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓ પવન સંજયકુમાર પાસવાન (રહે. ગિરધરનગર સોસાયટી, અડાજણ) અને પંકજ મનોજભારતી ગોસ્વામી (રહે. ગોલ્ડન સોસાયટી, માસ્મા, ઓલપાડ) પાસેથી રોકડા રૂપિયા ૧,૨૦,૦૦૦ મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન પંકજ ગોસ્વામીએ કબૂલાત કરી હતી કે, બે-ત્રણ દિવસ પહેલાં તેણે પોતાના મિત્રો સાથે મળી અલથાણ વાસ્તુ ડિસ્કવરી ખાતે આવેલી 'શિવશક્તિ પસ્તીની દુકાન'નું શટર ઊંચકીને ગલ્લામાંથી રૂપિયા ૧,૯૦,૦૦૦ ની ચોરી કરી હતી. ઉપરાંત મોટરસાયકલ અંગે પૂછતાં માલૂમ પડ્યું હતું કે, દશેક દિવસ પહેલાં નવસારી બસ ડેપો સામે આવેલા કે.કે. પ્લાઝાના પાર્કિંગમાંથી તે ચોરી કરવામાં આવી હતી, જે અંગે નવસારી ટાઉન પોલીસ મથકે ગુનો પણ નોંધાયેલો હતો. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગેંગની ખાસ કાર્યપદ્ધતિ મુજબ ગેંગના સભ્યો ગળાના નીચેના ભાગે હરણના મોઢાનું ટેટુ દોરાવે છે અને વહેલી સવારે શટર વચ્ચેથી ઊંચકી ચોરી આચરે છે. મુખ્ય આરોપી પંકજ ગોસ્વામી અગાઉ પણ રાંદેર અને પાલ પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશ, ચોરી અને પ્રોહિબિશન જેવા ગુનાઓમાં ઝડપાઈ ચૂક્યો છે. બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સુરત જિલ્લામાં ઓલપાડ સિવાય મોટા ભાગના તાલુકા કોરાકટ

**સુરતમાં** બપોરે ધોધમાર વરસાદ બાદ શહેરમાં ઉકળાટ યથાવત

સુરતઃ સુરત જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે આજે શહેરમાં નોંધપાત્ર વરસાદ પડ્યો હતો, જ્યારે જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વરસાદે વિરામ લીધો હતો. આજે સુરત શહેરમાં 39 મીમી અને ઓલપાડમાં 9 મીમી વરસાદ નોંધાયો હતો. આ સિવાયના જિલ્લાના 10 તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો નહોતો. કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા.

શહેરમાં આજે બપોરના સમયે અચાનક ધોધમાર વરસાદ વરસ્યો હતો. થોડા સમય માટે વરસાદનું જોર વધતાં અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. જોકે વરસાદ બાદ ફરી ઉકળાટભર્યું વાતાવરણ સર્જાયું હતું. દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ અને વરસાદી ઝાપટાં વચ્ચે બફારો અનુભવાયો હતો. હવામાન વિભાગે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી ચોમાસાની વિદાય તરફ સંકેત આપ્યા છે. જોકે ચોમાસાની વિદાયની પ્રક્રિયા વચ્ચે પણ સ્થાનિક વાતાવરણની અસરથી શહેર અને જિલ્લામાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની શક્યતા યથાવત રહેશે. આગામી દિવસોમાં વરસાદનું પ્રમાણ ઘટવાની સાથે વરસાદી માહોલમાં પણ ઘટાડો જોવા મળી શકે છે. વરસાદી માહોલ વચ્ચે સુરત શહેરના તાપમાનમાં દિવસ દરમિયાન સામાન્ય ફેરફાર નોંધાયો હતો. આજે મહત્તમ તાપમાન 32.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# સુરત એરપોર્ટથી ઓગસ્ટમાં 1.02 લાખ ડોમેસ્ટિક પેસેન્જર, દિલ્હી રૂટ મોખરે

**દિલ્હી** સાથેના સિટી-પેરમાં 47,768 મુસાફરો

**બેંગલુરુ** 12,350 અને ગોવા 11,089 મુસાફરો સાથે અનુક્રમે બીજા-ત્રીજા ક્રમે

સુરત : સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઓગસ્ટ-2026 દરમિયાન વિવિધ શહેરો વચ્ચેના ડોમેસ્ટિક સિટી-પેર ટ્રાફિકમાં કુલ 1,02,898 મુસાફરો નોંધાયા હતા. DGCAના ઓગસ્ટ-2026ના સિટી-પેર ટ્રાફિક મૂવમેન્ટના આંકડા મુજબ સુરત-દિલ્હી રૂટ સૌથી વધુ પેસેન્જર ટ્રાફિક ધરાવતો રહ્યો હતો. આ રૂટ પર 47,768 મુસાફરો નોંધાયા હતા, જે દર્શાવવામાં આવેલા કુલ સિટી-પેર ટ્રાફિકના આશરે 46.4 ટકા થાય છે.

દિલ્હી બાદ બેંગલુરુ રૂટ પર 12,350 અને ગોવા રૂટ પર 11,089 મુસાફરો નોંધાયા હતા. આમ, આ ત્રણેય રૂટ મળીને ઓગસ્ટના દર્શાવાયેલા ડોમેસ્ટિક સિટી-પેર ટ્રાફિકમાં આશરે 69 ટકા હિસ્સો ધરાવે છે. આંકડા પ્રમાણે સુરત-હૈદરાબાદ સિટી-પેરમાં 8,811 મુસાફરો નોંધાયા હતા. જ્યારે કોલકાતા 6,226, જયપુર 5,918, પુણે 4,382 અને ચેન્નાઈ 3,889 મુસાફરો સાથે આગળ રહ્યા હતા. સુરતથી અન્ય શહેરો સાથેના સિટી-પેર ટ્રાફિકમાં જામનગર 1,952, મુન્દ્રા 431 અને અમદાવાદ 82 મુસાફરો નોંધાયા હતા.

### એરપોર્ટ મુસાફરો સંખ્યા

| | |
|---|---|
| દિલ્હી | 47,768 |
| બેંગલુરુ | 12,350 |
| ગોવા | 11,089 |
| હૈદરાબાદ | 8,811 |
| કોલકાતા | 6,226 |
| જયપુર | 5,918 |
| પુણે | 4,382 |
| ચેન્નાઈ | 3,889 |
| જામનગર | 1,952 |
| મુન્દ્રા | 431 |
| અમદાવાદ | 82 |
| **કુલ** | **1,02,898** |

# ડભોલીમાં પાંચમા માળેથી પટકાતા કામદારનું મોત

સુરતઃ ડભોલીમાં પીઓપીનું કામ કરતી વખતે પાંચમાં માળેથી પટકાતાં યુવકનું મોત થયું હતું. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ પુણાગામ ખાતે આવેલા સુરતીનગરમાં ૨૪ વર્ષીય રીંકુ રામછબીલે કનોજીયા ભાઈઓ સાથે રહેતો હતો અને પીઓપીનું કામ કરતો હતો.

આજે બપોરે ડભોલી ચાર રસ્તા પાસે આવેલ વ્હાઈટ હાઉસના પાંચમા માળે રીંકુ ભાઈઓ સાથે પીઓપીનું કામ કરી રહ્યો હતો. તે સમયે રીન્કુ નીચે પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને ૧૦૮માં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

# લગ્ન કરવાના જ છે કહી કિશોરીને ગર્ભવતી બનાવી દીધી

**કિશોરીને** ચાર માસનો ગર્ભ રહેતા યુવકની ધરપકડ

સુરતઃ સારોલી પોલીસ મથકની હદમાં વેડછા ગામ ખાતે રહેતી 17 વર્ષીય કિશોરીને લગ્નનું વચન આપી વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા બાદ ચાર માસનો ગર્ભ રહી જતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.પોલીસે કાર્યવાહી કરી ૧૯ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. પોલીસ ફરિયાદ મુજબ, વેડછા વિસ્તારમાં રહેતી કિશોરીનો આશરે એક વર્ષ પહેલાં સ્થાનિક રહેવાસી રિતિક મહેશ રાઠોડ સાથે સંપર્ક થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી.

મે-૨૦૨૬ દરમિયાન રિતિકે કિશોરીને વેડછા ગામ ખાતે બોલાવી હતી. ત્યાં તેણે 'આપણે એક વર્ષ પછી લગ્ન કરવાના જ છે, તો ફિઝિકલ થવામાં કોઈ વાંધો નથી' તેમ કહી કિશોરી સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા.દરમિયાન કિશોરીને આશરે ૧૬ અઠવાડિયા એટલે કે ચાર માસનો ગર્ભ રહી ગયો હતો.

સમગ્ર મામલો પરિવારજનોના ધ્યાન પર આવતાં તેમણે સારોલી પોલીસનો સંપર્ક કર્યો હતો.પોલીસે કિશોરીની ફરિયાદના આધારે રિતિક મહેશ રાઠોડ વિરુદ્ધ પોસ્કો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે રિતિકને ઝડપી પાડ્યો હતો. તેની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.











